
# સંસ્કૃત



## ધોરણ-૬

દ્વિતિય સત્ર

## વાર્ષિક માસવાર આયોજન



વર્ષ - ૨૦૨૪/૨૫

shikshansagar.com
શિક્ષણ સાગર
The King of Education

આવા દરેક ધોરણના વિષયવાર આયોજન
શિક્ષણ સાગર એપ્લીકેશનમાં ઉપલબ્ધ છે.

## નવેમ્બર માસનું પાઠ આયોજન
## (1) मम अङ्गानि

**અધ્યયન નિષ્પતિ :**

4.6.9 ચિત્ર ના આધારે તે વસ્તુ નું નામ કે ક્રિયા સંસ્કૃતમાં લખી શકશે.

**શૈક્ષણિક મુદ્દા :**

- શરીરના અંગોનો પરિચય
- ચિત્રના આધારે અંગોની ઓળખ
- પશુ – પક્ષીઓના અંગો
- પ્રવૃત્તિ : મનુષ્યના અંગોની પઝલ જોડવાની પ્રવૃત્તિ
- શિક્ષક વિદ્યાર્થીઓ અને વિદ્યાર્થી-વિદ્યાર્થીઓ વચ્ચે પ્રશ્નોત્તરી
- સ્વાધ્યાય ચર્ચા તથા પ્રશ્નોત્તરી

**શૈક્ષણિક સાધન :**

- પાઠય પુસ્તક
- શરીરના અંગોની પઝલ
- શરીરનાં અંગોના ચિત્રો

**શિક્ષક વિદ્યાર્થિની પ્રવૃત્તિ :**

વિદ્યાર્થીઓને શરીરના પોતાના અંગો બતાવીશ. વિદ્યાર્થીઓને વારાફરતી અંગોનું નામ બોલાવીશ. અંગોનું ચિત્ર બતાવી વિદ્યાર્થીઓને અંગ ઓળખવા જણાવીશ. તેના આધારે પશુ – પક્ષીઓનાં અંગોનાં નામ બોલાવીશ. મનુષ્યના અંગોની પઝલને જોડવાની પ્રવૃત્તિ કરાવીશ. વિદ્યાર્થીઓને પોતાના અંગોને આંગળીથી સ્પર્શ કરી પ્રશ્ન પૂછીશ. બાળકો જવાબ આપશે. વિદ્યાર્થીઓ દ્વારા પરસ્પર પ્રશ્નોત્તરી કરાવીશ. પાઠય પુસ્તકમાં આપેલ પ્રવૃત્તિ કરાવીશ. સ્વાધ્યાયના પ્રશ્નોના ઉત્તરોની ચર્ચા કરીશ. વિદ્યાર્થીઓ ઉત્તર લખશે.

**મૂલ્યાંકન**

- સ્વાધ્યાયના પ્રશ્નોના ઉત્તરો લખવા જણાવીશ.

## ડિસેમ્બર માસનું પાઠ આયોજન
## (2) दक्षिण पादम

**અધ્યયન નિષ્પતિ :**

1.6.1 સરળ પદ્યો સુભાષિતો પહેલીકા અને ગીતો અને ટૂંકા વાક્યો સાંભળીને સમજી શકશે. .

2.6.1 સરળ પદ્યો, સુભાષિતો, વગેરે અને ટૂંકા વાક્યો શુધ્ધ ઉચ્ચાર સાથે બોલી શકશે

3.6.3 સાદા સરળ અને ગેયસુભાષિતો અને ગીતોનું લયબધ્ધ પઠન કરી શકશે. અને ગાન કરી શકશે.

**શૈક્ષણિક મુદ્દા :**

- શિક્ષક દ્વારા ગીતનું પઠન

- વિદ્યાર્થીઓ દ્વારા મૂક પઠન
- શિક્ષક દ્વારા ગીતનું અભિનય સાથે ગાન
- વિદ્યાર્થીઓ દ્વારા અભિનય સાથે ગાન
- અપરિચિત શબ્દોનો પરિચય
- સ્વાધ્યાય
- રમતોની યાદી બનાવવાની પ્રવૃત્તિ

**શૈક્ષણિક સાધન :**

- પાઠ્ય પુસ્તક
- ઓડિયો કેસેટ

**શિક્ષક વિદ્યાર્થિની પ્રવૃત્તિ :**

વિદ્યાર્થીઓ સમક્ષ ગીતનું આદર્શ પઠન કરીશ. વિદ્યાર્થીઓ દ્વારા મૂક પઠન કરાવીશ. ગીતનું અભિનય સાથે ગાન કરાવશી. વિદ્યાર્થીઓ સમુહ અંગ કસરતના અભિનય સાથે ગાન કરશે. ગીતમાં આવતાં અપરિચિત શબ્દોનો પરિચય કરાવીશ. સ્વાધ્યાયના પ્રશ્નોની ચર્ચા કરીશ. વિદ્યાર્થીઓ ઉત્તર લખશે. શેરી મિત્રો સાથે રમતા હો તે રમતોની યાદી બનાવવાની પ્રવૃત્તિ કરાવીશ.

**મૂલ્યાંકન**

- ગીત કંઠસ્થ કરવા જણાવીશ.
- સ્વાધ્યાયના પ્રશ્નોના ઉત્તરો લખવા જણાવીશ.

## ડિસેમ્બર માસનું પાઠ આયોજન
## (3) करोमि

**અધ્યયન નિષ્પતિ :**

1.6.2 સ્વ પરિચયને લગતા ટૂંકા પ્રશ્નો સમજી શકશે.

1.6.3 સાદા વાક્યો સાંભળીને સમજી શકશે.

2.6.2 સ્વ પરિચયને લગતા ટૂંકા પ્રશ્નો ના મૌખિક ઉત્તર આપી શકશે.

4.6.2 સરળ વાક્યોનું અનુલેખન કરી શકશે.

4.6.4 સરળ વાક્યોનું શ્રુતલેખન કરી શકશે.

**શૈક્ષણિક મુદ્દા :**

- ક્રિયા વાકયોનો પરિચય
- પાઠનું વાંચન
- વિદ્યાર્થીઓ દ્વારા વ્યક્તિગત વાંચન
- અભિનય સાથે પ્રશ્નોત્તરી
- વિદ્યાર્થીઓ વચ્ચે પ્રશ્નોત્તરી
- સ્વાધ્યાય ચર્ચા તથા પ્રશ્નોત્તરી

**શૈક્ષણિક સાધન :**

- પાઠ્ય પુસ્તક
- વાકય પટ્ટી

**શિક્ષક વિદ્યાર્થિની પ્રવૃત્તિ :**

વિદ્યાર્થીઓને ક્રિયાના કાર્ડ દ્વારા ક્રિયા વાકયોનો પરિચય આપીશ. પાઠ્ય પુસ્તકમાં આપેલ વાકયોનું ક્રિયા દ્વારા

વારા ફરતી વાંચન કરાવીશ. વિદ્યાર્થીઓ સમક્ષ અભિનય કરીશ. વિદ્યાર્થીઓ પ્રશ્નો પૂછશે. भवान किं करोति ? અભિનય સાથે જવાબ આપીશ. વિદ્યાર્થીઓ વચ્ચે પરસ્પર પ્રશ્નોત્તરી કરાવીશ. સ્વાધ્યાયના પ્રશ્નોના ઉત્તરોની ચર્ચા કરીશ. વિદ્યાર્થીઓ ઉત્તર લખશે.

**મૂલ્યાંકન**

- સ્વાધ્યાયના પ્રશ્નોના ઉત્તરો લખવા જણાવીશ.

**ડિસેમ્બર માસનું પાઠ આયોજન**
**(4) पहेलिका**

**અધ્યયન નિષ્પતિ :**

2.6.1 સરળ પધો, સુભાષિતો, વગેરે અને ટૂંકા વાક્યો શુધ્ધ ઉચ્ચાર સાથે બોલી શકશે

2.6.2 સ્વ પરિચયને લગતા ટૂંકા પ્રશ્નો ના મૌખિક ઉત્તર આપી શકશે.

4.6.10 ઉદાહરણ અથવા આપેલ નિર્દેશને આધારે સંસ્કૃત ભાષામાં નવા શબ્દો અને વાક્યો ની રચના કરી શકશે.

**શૈક્ષણિક મુદ્દા :**

- પહેલિકાઓનું પઠન
- વિદ્યાર્થીઓ દ્વારા મૂકપઠન
- પ્રહેલિકાનું આદર્શ ગાન
- વિદ્યાર્થીઓ દ્વારા સમુહગાન
- વિવિધ પ્રહેલિકાની સમજૂતિ
- અપરિચિત શબ્દોની સમજૂતિ
- પ્રહેલિકા શોધવાની પ્રવૃતિ
- સ્વાધ્યાય તથા પ્રશ્નોત્તરી

**શૈક્ષણિક સાધન :**

- પાઠય પુસ્તક

**શિક્ષક વિદ્યાર્થિની પ્રવૃત્તિ :**

વિદ્યાર્થીઓ સમક્ષ પ્રહેલિકાઓનું પઠન કરીશ. વિદ્યાર્થીઓ દ્વારા મૂકપઠન કરાવીશ. પ્રહેલિકાઓનું આદર્શગાન કરીશ. વિદ્યાર્થીઓ દ્વારા સમુહગાન કરાવીશ. વિવિધ ઉદાહરણ દ્વારા તથા જરૂરી અપરિચિત શબ્દોનો અનુવાદ કરી પ્રહેલિકાના ખંડોને સમજાવીશ. વિદ્યાર્થીઓ પાસે પ્રહેલિકાનો જવાબ મેળવવાનો પ્રયત્ન કરીશ. વિદ્યાર્થીઓ જવાબ આપશે. બીજી આવી પ્રહેલિકા શોધી લાવવાની પ્રવૃતિ કરાવીશ. સ્વાધ્યાયના પ્રશ્નોના ઉત્તરોની ચર્ચા કરીશ. વિદ્યાર્થીઓ પ્રશ્નોના ઉત્તરો લખશે.

**મૂલ્યાંકન**

- બીજી આવી પ્રહેલિકા શોધી લાવવા જણાવીશ.

- સ્વાધ્યાયના પ્રશ્નોના ઉત્તરો લખવા જણાવીશ.

**જાન્યુઆરી માસનું પાઠ આયોજન**
**(5) मम विधालय**

**અધ્યયન નિષ્પતિ :**

1.6.5 પૂર્ણ કલાકમાં સમય સાંભળીને સમજી શકશે.

2.6.5 પૂર્ણ કલાકમાં સમય સમજીને બોલી શકશે.

4.6.8 સરળ ગુજરાતી શબ્દોનો સંસ્કૃતમાં અનુવાદ કરી શકશે.

4.6.1 સાદા શબ્દો નું અનુલેખન કરી શકશે.

4.6.2 સરળ વાક્યોનું અનુલેખન કરી શકશે.

3.6.1 સરળ સાદા વાક્યોનું શુદ્ધ ઉચ્ચારણ સાથે પઠન કરી શકશે.

**શૈક્ષણિક મુદ્દા :**

- શિક્ષક દ્વારા પાઠનું આદર્શ વાંચન
- વિદ્યાર્થીઓ દ્વારા વ્યક્તિગત વાંચન
- બે – બે ની જોડીમાં સંવાદોનું વાંચન
- અપરિચિત શબ્દોના અર્થ
- પોતાની શાળા વિશે વાક્યો બોલાવવા
- સ્વાધ્યાય ચર્ચા – પ્રશ્નોત્તરી

**શૈક્ષણિક સાધન :**

- પાઠય પુસ્તક
- શાળાનું ચિત્ર
- ગામનું ચિત્ર

**શિક્ષક વિદ્યાર્થિની પ્રવૃત્તિ :**

વિદ્યાર્થીઓ સમક્ષ પાઠનું આદર્શ વાંચન કરીશ. વિદ્યાર્થીઓ દ્વારા પાઠનું વ્યક્તિગત વાંચન કરાવીશ. સંવાદો સોંપીશ. વિદ્યાર્થીઓની જોડી બનાવી સંવાદોનું વાંચન કરાવીશ. શબ્દો શીખવવા વિવિધ ઉદાહરણ દ્વારા મહાવરો કરાવીશ. અપરિચિત શબ્દોના અર્થ સમજાવીશ. વિદ્યાર્થીઓ પાસે પોતાની શાળા વિશે વાક્યો બોલાવીશ. સ્વાધ્યાયના પ્રશ્નોના ઉત્તરોની ચર્ચા કરીશ. વિદ્યાર્થીઓ પ્રશ્નોના ઉત્તરો લખશે.

**મૂલ્યાંકન**

- સ્વાધ્યાયના પ્રશ્નોના ઉત્તરો લખવા જણાવીશ.

**જાન્યુઆરી માસનું પાઠ આયોજન**
**(6) भवतु भारतम**

**અધ્યયન નિષ્પતિ :**

1.6.1 સરળ પદ્યો સુભાષિતો પહેલીકા અને ગીતો અને ટૂંકા વાક્યો સાંભળીને સમજી શકશે.

2.6.1 સરળ પદ્યો, સુભાષિતો, વગેરે અને ટૂંકા વાક્યો શુધ્ધ ઉચ્ચાર સાથે બોલી શકશે.

3.6.3 સાદા સરળ અને ગેયસુભાષિતો અને ગીતોનું લયબધ્ધ પઠન કરી શકશે. અને ગાન કરી શકશે.

4.6.11 કંઠસ્થ કરેલ સુભાષિત કે પદ્ય ના કોઈ ભાગનું લેખન કરી શકાશે.

5.6.1 પાઠ્યપુસ્તકમાં સમાવિષ્ટ વિષયવસ્તુના આધારે ભારતીય સંસ્કૃતિના સનાતન મુલ્યો અંગે જાગૃત થશે તેમજ તેના પાલન માટે તત્પરતા કેળવશે.

**શૈક્ષણિક મુદ્દા :**

- શિક્ષક દ્વારા કાવ્યનું પઠન
- વિદ્યાર્થીઓ દ્વારા મૂક પઠન
- અપરિચિત શબ્દો ના અર્થ
- કાવ્યનું આદર્શગાન
- વિદ્યાર્થીઓનું સમૂહગાન
- ચિત્રનું વર્ણન
- શોર્ય કથાઓનું કથન
- સ્વાધ્યાય તથા લેખન

**શૈક્ષણિક સાધન :**

- પાઠ્યપુસ્તક

**શિક્ષક વિદ્યાર્થિની પ્રવૃત્તિ :**

વિદ્યાર્થીઓ સમક્ષ કાવ્યનું આદર્શ પઠન કરીશ. વિદ્યાર્થીઓ દ્વારા મૂકપઠન કરાવીશ. અપરિચિત શબ્દોના અર્થ સમજાવી લખાવીશ. કાવ્યનું યોગ્ય રાગ સાથે આદર્શ ગાન કરીશ. વિદ્યાર્થીઓ પાસે સમૂહગાન કરાવીશ. પાઠ્ય પુસ્તકમાં આપેલ ચિત્ર નું વર્ણન કરાવીશ. કાવ્ય ના સંદર્ભમાં શોર્યકથાઓનું કથન કરીશ. સ્વાધ્યાયના પ્રશ્નોના ઉત્તરોની ચર્ચા કરીશ. વિદ્યાર્થીઓ ઉતર લખશે.

**મૂલ્યાંકન**

- કાવ્ય કંઠસ્થ કરવા જણાવીશ.
- સ્વાધ્યાય ના પ્રશ્નોના ઉત્તર લખો જણાવીશ.

## ફેબ્રુઆરી માસનું પાઠ આયોજન
## (7) सुभाषितानि

**અધ્યયન નિષ્પતિ :**

1.6.1 સરળ પદ્યો સુભાષિતો પહેલીકા અને ગીતો અને ટૂંકા વાક્યો સાંભળીને સમજી શકશે.

3.6.3 સાદા સરળ અને ગેયસુભાષિતો અને ગીતોનું લયબધ્ધ પઠન કરી શકશે. અને ગાન કરી શકશે.

3.6.2 સરળ વાક્યો, સૂક્તિઓ, અને સુભાષિતોમાં આવેલ વિસર્ગ અને અનુસ્વારવાળા પદોનું શુધ્ધ વાંચન કરી શકશે.

4.6.10 ઉદાહરણ અથવા આપેલ નિર્દેશને આધારે સંસ્કૃત ભાષામાં

નવા શબ્દો અને વાક્યો ની રચના કરી શકશે.

2.6.2 સ્વ પરિચયને લગતા ટૂંકા પ્રશ્નો ના મૌખિક ઉત્તર આપી શકશે.

**શૈક્ષણિક મુદ્દા :**

- શિક્ષક દ્વારા શુદ્ધ ઉચ્ચારણ સાથે પઠન
- વિધાર્થીઓ દ્વારા મૂકપઠન
- સુભાષિતોનું આદર્શગાન
- વિધાર્થીઓ દ્વારા સમુહગાન
- ચિત્રનું વર્ણન
- પ્રાર્થનામાં સુભાષિતોનું ગાન
- સુભાષિતોનું લેખન
- સુભાષિતોનું ભાવાર્થ
- સ્વાધ્યાય ચર્ચા – પ્રશ્નોત્તરી

**શૈક્ષણિક સાધન :**

- પાઠય પુસ્તક

**શિક્ષક વિધાર્થિની પ્રવૃત્તિ :**

- વિધાર્થીઓ સમક્ષ શુદ્ધ ઉચ્ચારણ સાથે પઠન કરીશ. વિધાર્થીઓ દ્વારા મૂકપઠન કરાવીશ. સુભાષિતોમાં આવતા અપરિચિત શબ્દોની સમજ. ચિત્રો કે અભિનય અને ઉદાહરણ દ્વારા આપીશ. વિદાર્થીઓ સમક્ષ સસ્વર સુભાષિતોનું ગાન કરીશ. વિધાર્થીઓ પાસે અનુગાન કરાવીશ. પાઠયપુસ્તકમાં આપેલ ચિત્રનું વર્ણન કરીશ. પ્રાર્થનામાં સુભાષિતોનું ગાન કરાવીશ. સુભાષિતોનું લેખન કરવા જણાવીશ. સુભાષિતોનો ભાવાર્થ જણાવીશ. સ્વાધ્યાયના પ્રશ્નોના ઉત્તરોની ચર્ચ કરીશ. વિધાર્થીઓ પ્રશ્નોના ઉત્તર લખશે.

**મૂલ્યાંકન**

- સુભાષિતો કંઠસ્થ કરવા જણાવીશ.
- સ્વાધ્યાયના પ્રશ્નોના ઉત્તરો લખવા જણાવીશ.

## ફેબ્રુઆરી માસનું પાઠ આયોજન
## (8) जन्म दिनोत्सव

**અધ્યયન નિષ્પતિ :**

4.6.5 સાદા પ્રશ્નોના જવાબ એક શબ્દમાં કે નાના વાક્યો માં લખી શકશે

4.6.8 સરળ ગુજરાતી શબ્દોનો સંસ્કૃતમાં અનુવાદ કરી શકશે.

5.6.1 પાઠ્યપુસ્તકમાં સમાવિષ્ટ વિષયવસ્તુના આધારે ભારતીય સંસ્કૃતિના સનાતન મૂલ્યો અંગે જાગૃત થશે તેમજ તેના પાલન માટે તત્પરતા કેળવશે.

5.6.3 વિવિધ ઉત્સવોની ઉજવણીમાં ભારતીય પંરપરાઓના પાલન માટે પ્રતિબધ્ધ બનશે.

**શૈક્ષણિક મુદ્દા :**
- શિક્ષક દ્વારા શુદ્ધ ઉચ્ચાર સાથે વાંચન
- વિદ્યાર્થીઓ દ્વારા વ્યક્તિગત વાંચન
- જન્મદિનની ઉજવણી કેવી રીતે કરવી.
- પાઠમાં આવતાં અપરિચિત શબ્દો
- ચર્ચા – પ્રશ્નોત્તરી
- ‘આજનો દિપક’ કાર્યક્રમ અંતર્ગત જન્મદિનની ઉજવણી
- સ્વાધ્યાય ચર્ચા તથા પ્રશ્નોત્તરી

**શૈક્ષણિક સાધન :**
- પાઠ્ય પુસ્તક

**શિક્ષક વિદ્યાર્થિની પ્રવૃત્તિ :**

વિદ્યાર્થીઓ સમક્ષ પાઠનું શુદ્ધ ઉચ્ચારણ સાથે વાંચન કરીશ. વિદ્યાર્થીઓ પાસે વારાફરતી વાંચન કરાવીશ. જન્મદિનની ઉજવણી કેવી રીતે કરવી તેની સમજ આપીશ. પાઠમાં આવતા અપરિચિત શબ્દની સમજ આપીશ. ચર્ચા તથા પ્રશ્નોત્તરી કરીશ. ‘આજનો દિપક’ અંતર્ગત જન્મદિનની ઉજવણીમાં જે બાળકનો જન્મદિન હશે તેની ઉજવણી કરીશ. સ્વાધ્યાયના પ્રશ્નોના ઉત્તરોની ચર્ચા કરીશ. વિદાર્થીઓ પ્રશ્નોના ઉત્તર લખશે.

**મૂલ્યાંકન**
- સ્વાધ્યાયના પ્રશ્નોના ઉત્તર લખવા જણાવીશ.

## માર્ચ માસનું પાઠ આયોજન
## (9) सुत्कय

**અધ્યયન નિષ્પતિ :**

3.6.2 સરળ વાક્યો, સૂક્તિઓ, અને સુભાષિતોમાં આવેલ વિસર્ગ અને અનુસ્વારવાળા પદોનું શુધ્ધ વાંચન કરી શકશે.

3.6.3 સાદા સરળ અને ગેયસુભાષિતો અને ગીતોનું લયબધ્ધ પઠન કરી શકશે. અને ગાન કરી શકશે.

4.6.4 સરળ વાક્યોનું શ્રુતલેખન કરી શકશે.

5.6.2 પાઠ્યપુસ્તકમાં સમાવિષ્ટ સુભાષિતો તેમજ શ્લોકો અંગે સભાનતા કેળવશે અને વ્યવહારમાં ઉપયોગ કરશે.

**શૈક્ષણિક મુદ્દા :**
- સૂક્તિઓનું શિક્ષક દ્વારા પઠન
- વિદ્યાર્થીઓ દ્વારા અનુપઠન
- અપરિચિત શબ્દોની સમજ
- સૂક્તિઓના અર્થની સમજૂતિ
- સુંદર અક્ષરોમાં સૂક્તિઓનું લેખન

- પ્રવૃત્તિ : સૂક્તિઓ શોધવી
- સ્વાધ્યાય ચર્ચા તથા પ્રશ્નોત્તરી

**શૈક્ષણિક સાધન :**

- પાઠય પુસ્તક
- વાકય પટ્ટીઓ

**શિક્ષક વિધાર્થિની પ્રવૃત્તિ :**

વિધાર્થીઓ સમક્ષ સૂક્તિઓનું લયબદ્ધ પઠન કરીશ. વિધાર્થીઓ પાસે આ સૂક્તિઓનું અનુપઠન કરાવીશ. સૂક્તિમાં આવતા અપરિચિત શબ્દોનો અર્થ સમજાવીશ. સૂક્તિઓના અર્થ સમજૂતિ આપીશ. સુંદર અક્ષરોમાં સૂક્તિઓનું લેખન કરાવશી. બીજી સૂક્તિઓ શોધી લાવવાની પ્રવૃત્તિ કરાવીશ. સ્વાધ્યાયના પ્રશ્નોના ઉત્તરોની ચર્ચા કરીશ. વિધાર્થીઓ પ્રશ્નોના ઉત્તરો લખશે.

**મૂલ્યાંકન**

- સૂક્તિઓ શોધી લાવવા જણાવીશ.
- સ્વાધ્યાયના પ્રશ્નોના ઉત્તરો લખવા જણાવીશ.